**Extra No. 16**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LXVII ]    FRIDAY, JANUARY 9, 2026 / PAUSHA 19, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગના તારીખઃ ૧૮મી નવેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૫/૨૦/એફસીએસસીએડી/એસસીએમ/ઈ-ફાઈલ/૫/૨૦૨૩/૦૦૪૩/ડી. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**Amendment to the Gujarat Consumer Protection (salary, allowances and conditions of service of President and Members of the State Commission and District Commission) Rules, 2021**

**ગુજરાત ગ્રાહક સુરક્ષા (રાજ્ય આયોગ અને જિલ્લા આયોગના પ્રમુખ અને સભ્યોના પગાર, ભથ્થાં અને સેવાની શરતો) નિયમો, ૨૦૨૧ સુધારવા સંબંધી**

**જાહેરનામું**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી નવેમ્બર, ૨૦૨૫

**ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯.**

**ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૫/૨૦/એફસીએસસીએડી/એસસીએમ/ઇ-ફાઇલ/૫/૨૦૨૩/૦૦૪૩/ડી:-** ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯ના ૩૫-મા)ની કલમ-૧૦૨-ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ગ્રાહક સુરક્ષા (રાજ્ય આયોગ અને જિલ્લા આયોગના પ્રમુખ અને સભ્યોના પગાર, ભથ્થાં અને સેવાની શરતો) નિયમો, ૨૦૨૧ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, ગુજરાત ગ્રાહક સુરક્ષા (રાજ્ય આયોગ અને જિલ્લા આયોગના પ્રમુખ અને સભ્યોના પગાર, ભથ્થાં અને સેવાની શરતો) (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ગુજરાત ગ્રાહક સુરક્ષા (રાજ્ય આયોગ અને જિલ્લા આયોગના પ્રમુખ અને સભ્યોના પગાર, ભથ્થાં અને સેવાની શરતો) નિયમો, ૨૦૨૧ (જેનો આમાં હવે પછી, “સદરહુ નિયમો” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩-ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

“૩. જિલ્લા આયોગના પ્રમુખ અને સભ્યોના પગાર અને ભથ્થાં.-

(૧) પ્રમુખ, દ્વિતીય રાષ્ટ્રીય ન્યાયિક પગાર પંચની ભલામણોથી ઠરાવ્યા પ્રમાણે જિલ્લા ન્યાયાધીશને પગારના અધિકાલિક પગાર ધોરણ (સુપર-ટાઇમ સ્કેલ)માં મળવાપાત્ર હોય તેટલો પગાર અને ભથ્થાં મેળવવાને હકદાર રહેશે.

(૨) સભ્ય, દ્વિતીય રાષ્ટ્રીય ન્યાયિક પગાર પંચની ભલામણોથી ઠરાવ્યા પ્રમાણે જિલ્લા ન્યાયાધીશને પ્રારંભિક ધોરણે પસંદગી પગાર-ધોરણ (સિલેક્શન ગ્રેડ એટ એન્ટ્રી લેવલ)માં મળવાપાત્ર હોય તેટલો પગાર અને ભથ્થાં મેળવવાને હકદાર રહેશે.

(૩) છેલ્લે મળતો પગાર આ નિયમો હેઠળ ઠરાવેલા પગાર અને ભથ્થાં કરતાં વધુ હોય તે કિસ્સામાં, જિલ્લા આયોગના પ્રમુખો/સભ્યોને ‘મળતો છેલ્લો પગાર’ સુરક્ષિત રાખવો જોઇશે.

(૪) પ્રમુખ/સભ્ય તરીકે નીમાયેલી વ્યક્તિ(ઓ), તેમને મળવાપાત્ર પે માઇનસ પેન્શન (પગારમાંથી પેન્શનની કપાત કરીને મળતો પગાર), કોઇ હોય, તો તેટલો પગાર મેળવવાને હકદાર થશે.

(૫) પ્રમુખ અને સભ્યના વેતનમાં, વાર્ષિક ૩%ના દરે વધે તે રીતે પગાર સુધારણા કરવી જોઇશે.

(૬) પગાર, મહેનતાણું અને અન્ય ભથ્થાં, રાજ્ય સરકારના એકત્રિત ફંડમાંથી ચૂકવવા જોઇશે.”.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

“૪. રાજ્ય આયોગના પ્રમુખ અને સભ્યોના પગાર અને ભથ્થાં.-

(૧) પ્રમુખ, ગુજરાત હાઇકોર્ટના સેવારત (વર્તમાન) ન્યાયાધીશ (sitting judge)ને મળવાપાત્ર હોય તેટલો પગાર અને ભથ્થાં (મેળવવા)ને હકદાર રહેશે.

(૨) સભ્ય, દ્વિતીય રાષ્ટ્રીય ન્યાયિક પગાર પંચની ભલામણોથી ઠરાવ્યા પ્રમાણે જિલ્લા ન્યાયાધીશને પગારના અધિકાલિક પગાર ધોરણ (સુપર-ટાઇમ સ્કેલ)માં મળવાપાત્ર હોય તેટલો પગાર અને ભથ્થાં મેળવવાને હકદાર રહેશે.

(૩) છેલ્લે મળતો પગાર આ નિયમો હેઠળ ઠરાવેલા પગાર અને ભથ્થાં કરતાં વધુ હોય તે કિસ્સામાં, રાજ્ય આયોગના પ્રમુખો/સભ્યોને ‘મળતો છેલ્લો પગાર’ સુરક્ષિત રાખવો જોઇશે.

(૪) પ્રમુખ/સભ્ય તરીકે નીમાયેલી વ્યક્તિ(ઓ), તેમને મળવાપાત્ર પે માઈનસ પેન્શન (પગારમાંથી પેન્શનની કપાત કરીને મળતો પગાર), કોઈ હોય, તો તેટલો પગાર મેળવવાને હકદાર થશે.

(૫) સભ્યના વેતનમાં, વાર્ષિક ૩%ના દરે વધે તે રીતે પગાર સુધારણા કરવી જોઈશે.

(૬) પગાર, મહેનતાણું અને અન્ય ભથ્થાં, રાજ્ય સરકારના એકત્રિત ફંડમાંથી ચૂકવવા જોઈશે.”.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૫-માં, પેટા-નિયમ (૩) કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**કિંજલ થોરાટ,**

સરકારના નાયબ સચિવ.

--------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.29 15:53:58 IST